હજીરા-ધુલિયા નેશનલ હાઇવે નંબર-53 પર NTPC કવાસ પાસે આવેલો

ઈચ્છાપોર સર્કલ FOB, ફ્રૂભકો રેલવે ઓવરબ્રિજ ખખડી ગયો

બંને બ્રિજના મોટા ભાગના બીમ અને કોલમમાં સ્ટીલના સળિયા દેખાવા લાગ્યા, RCC કોંક્રિટ તૂટીને રોડ ઉપર છૂટું પડી રહ્યું છે

સુરત : હજીરા - ધુલિયા નેશનલ હાઈવે નંબર - 53 NTPC કવાસ પાસે ફ્રૂભકો રેલવે ઓવરબ્રિજ અને ONGC ઈચ્છાપોર સર્કલ ઓવરબ્રિજ ખખડી ગયાનો આક્ષેપ કરી 2012/13 માં બનેલા બંને બ્રિજનો સ્ટેબિલિટી રિપોર્ટ કઢાવી જવાબદારો સામે કાર્યવાહી કરવા હજીરા કાંઠા વિસ્તાર વિકાસ સહકારી મંડળી લિ. નાં પ્રમુખ દિપકભાઈ ડી. પટેલે માંગ કરી છે. પટેલે આજે કેન્દ્રિય માર્ગ અને હાઈવે મંત્રી નિતિન ગડકરી, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર. પાટીલ, ધારાસભ્ય સંદિપ દેસાઈ, સુરત જિલ્લા કલેક્ટર, નેશનલ હાઈવે અધિકારી સુરતને મોકલેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, હજીરા - ધુલિયા હાઈવે પર આવેલા NTPC કવાસ પાસે ફ્રૂભકો કંપનીના રેલવે ઓવરબ્રિજ અને ONGC ઈચ્છાપોર સર્કલ ઓવરબ્રિજમાં ગંભીર ભ્રષ્ટાચારના કારણે વર્ષ 2012-13 માં બનેલા ઓવરબ્રિજ ખુબજ જર્જરિત બની ગયા છે. અને ગમે ત્યારે ગંભીરા બ્રિજ જેવી મોટી દુર્ઘટના થઈ શકે છે. એ સ્થિતિમાં તાત્કાલિક આ બંને બ્રિજનો સ્ટેબિલિટી રિપોર્ટ કઢાવી જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. તાત્કાલિક આ બંને બ્રિજ રિપેર કરવા જાહેર જનતા માટે બંધ કરી વૈકલ્પિક વ્યવસ્થા કરવી જોઈએ.

નેશનલ હાઈવે ઓફ ઓથોરિટી દ્વારા સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાનાં હજીરાથી ધુલિયા સુધી રોડ કનેક્ટિવિટી માટે નેશનલ હાઈવે-53 અંદાજે વર્ષ 2013-14 માં જાહેર જનતા માટે શરૂ કરવામાં આવ્યો હતો.બંને બ્રિજને રીપેર કરવામાં કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યા છે છતાં હાલમાં પણ મેન્ટેનસ કામ ચાલુ છે. જેથી હજીરા વિસ્તારના ગામોની જાહેર જનતા અવર જવરમાં ખુબજ હેરાન પરેશાન થઈ રહી છે.

બ્રિજના બંને બાજુના સ્લોપ પણ ગમે ત્યારે તૂટી પડશે

NTPC કવાસ પાસે ફ્રૂભકો કંપનીના રેલવે ઓવરબ્રિજ અને ONGC ઈચ્છાપોર સર્કલ ઓવરબ્રિજમાં ખુબજ મોટા ગાબડા નીચે રોડ ઉપર પડી રહ્યા છે. આ બંને બ્રિજના મોટાભાગના બીમ અને કોલમમાં સ્ટીલના સળિયા દેખાવા લાગ્યા છે. તેમજ બીમ અને કોલમમાંથી RCC કોંક્રિટ તૂટીને રોડ ઉપર છૂટું પડી રહ્યું છે જેથી બ્રિજની ઉપર અને નીચેથી અવર-જવર કરનારા વાહનચાલકો ગમે ત્યારે મોટા અકસ્માતનો ભોગ બની શકે એમ છે. અને મોટી જાનહાનિ થઈ શકે એમ છે.

કંપનીઓ અને હજીરા કાંઠાનાં ગામો માટે આ રોડ જીવાદોરીસમાન

હજીરાથી ઈચ્છાપોર સર્કલ સુધીનો નેશનલ હાઇવે-53 એ હજીરા વિસ્તારની તમામ કંપનીઓ અને હજીરા કાંઠા વિસ્તારના તમામ ગામો માટેના આવવા જવા માટેનો એક માત્ર રોડ અને જીવાદોરી સમાન છે. જો આ હાઇવે ઉપર આવેલા આ બંને ઓવરબ્રિજ ઉપર જો કોઈ ગંભીર અકસ્માત થશે તો હજીરા કાંઠા વિસ્તારમાં ખુબજ ભયાનક પરિસ્થિતિ ઉદ્ભવી શકે એમ છે. તેમજ હજીરા કાંઠા વિસ્તારમાં સ્થપાયેલી કંપનીઓને કરોડો રૂપિયાનું નુકસાન થઈ શકે એમ છે.

વિવાદ અને માથાકૂટો વચ્ચે DGVCLએ નવા 24 લાખ સ્માર્ટ મીટર લગાડવા કોન્ટ્રાક્ટ આપ્યો

લોકોને બળજબરીનો ભય, ઈન્ટેલીસ્માર્ટને ફરી ઓર્ડર મળ્યો, હવે કુલ 70 લાખથી વધુ સ્માર્ટ મીટર ગુજરાત માટે

સુરતઃ સ્માર્ટ મીટર બેસાડવા મામલે વિરોધ અને માથાકૂટો વચ્ચે ડીજીવીસીએલએ સ્માર્ટ મીટર પ્રોજેક્ટના બીજા તબક્કાનો પણ આરંભ કરી દીધો છે. ભારતની અગ્રણી ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની ઇન્ટેલીસ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને REC પાવર ડેવલપમેન્ટ એન્ડ કન્સલ્ટન્સી લિમિટેડ તરફથી 24 લાખ સ્માર્ટ મીટર બેસાડવા માટે કોન્ટ્રાક્ટ આપી દેવાયો છે.

આ નવા ઓર્ડર સાથે ઇન્ટેલીસ્માર્ટની માત્ર ગુજરાત માટેની ઓર્ડર બુક હવે 70 લાખથી વધુ થઈ ગઈ છે, જેમાંથી પહેલા તબક્કામાં DGVCL માટે 17 લાખ મીટર પહેલેથી જ અમલમાં મૂકવામાં આવ્યા છે.

આ સાથે કંપનીની કુલ ઓર્ડર બુક 2.22 કરોડ મીટર સુધી પહોંચી છે. જે દેશમાં સર્વોચ્ચમાં ગણાય છે. પહેલા તબક્કાના અસંતોષ અને વિરોધ વચ્ચે DGVCLનું "બળજબરી વલણ"ફરી એકવાર વિવાદ ઊભું કરે તેવી શક્યતા છે. જ્યાં એક તરફ પહેલા તબક્કામાં લોકોના અસંતોષ, મીટરની ખામીઓ અને બિનપારદર્શક પ્રક્રિયાની ફરિયાદો અને આક્ષેપો હજુ સુધી શમાઈ નથી, ત્યાં DGVCL દ્વારા બીજા તબક્કામાં વધુ 24 લાખ સ્માર્ટ મીટર લગાડવાનું તાત્કાલિક શરૂ થવા જઇ રહ્યું છે. લોકોમાં બિલમાં બેફામ વધારો, મીટરની ખોટી રીડીંગ અને પ્રાઇવસી અંગેના ભયના કારણે સતત વિરોધ જોવા મળ્યો છે.

ભારત સરકારે 2028 સુધીમાં 25 કરોડ સ્માર્ટ મીટર સ્થાપિત કરવાનો લક્ષ્ય રખાયો છે

કંપનીના CEO અનિલ રાવલે જણાવ્યું હતું કે, "આ જીત ડિજિટલાઈઝેશન પ્રોજેક્ટ્સને વ્યાપક સ્તરે સફળતાપૂર્વક અમલમાં મૂકવાની અમારી ક્ષમતા દર્શાવે છે."પ્રોજેક્ટની અમલવારી RDSS યોજના હેઠળ DBFOOT મોડલ પરથી ભરૂચ, વલસાડ, વાપી, નવસારી સહિત દક્ષિણ ગુજરાતના જિલ્લામાં થઈ રહી છે. ભારત સરકારે 2028 સુધીમાં 25 કરોડ સ્માર્ટ મીટર સ્થાપિત કરવાનો લક્ષ્ય રાખ્યો છે, અને ઇન્ટેલીસ્માર્ટ આ મહત્વકાંક્ષી મિશનના મુખ્ય નેતા તરીકે આગળ વધી રહી છે। કંપની વિશ્વના સૌથી મોટા વીજ ક્ષેત્રના ડિજિટલાઇઝેશન કાર્યક્રમનું નેતૃત્વ કરી રહી છે.

મધ્યપ્રદેશમાં ભારે વરસાદથી ડેમમાં પાણીની ભારે આવક શરૂ થતાં દરવાજા ખોલાયા

નર્મદાના 15 દરવાજા ખૂલ્યા, 4.86 લાખ ક્યુસેક પાણી છોડાતાં ભરૂચના કાંઠા વિસ્તારો એલર્ટ

ભરૂચમાં નર્મદા મૈયા બે કાંઠે વહેશે, ગોલ્ડન બ્રિજ પર સપાટી 13 ફૂટે પહોંચી

ભરૂચ, અંકલેશ્વર : સરદાર સરોવર નર્મદા ડેમમાંથી શુક્રવારે બપોરે 15 દરવાજા ખોલતા કલાકો બાદ નર્મદા નદીના નીચાણવાસમાં પાણી આવવાની સંભાવનાના પગલે ભરૂચ વહીવટી તંત્ર સજ્જ બની ગયું છે. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે સરદાર સરોવરમાં વિપુલ આવક થતા શુક્રવારે 15 દરવાજા ખોલી 4.36 લાખ ક્યુસેક પાણી છોડાતા ભરૂચના કાંઠા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે.

મધ્યપ્રદેશમાં ભારે વરસાદને લઈ નર્મદા ડેમમાં પાણીની ભારે માત્રામાં આવક શરૂ થતાં ડેમ પ્રશાસને ગુરૂવારથી ડેમના દરવાજા ખોલવાની ફરજ પડી હતી. ઉપરવાસમાંથી પાણીનો પ્રવાહ આજે શુક્રવારે વધતા બપોરથી ડેમના 15 દરવાજા 3.80 મીટરથી ખોલી નખાયા છે. જેમાં નદીમાં 3.86 લાખ ક્યુસેક પાણી ઠલવાતા નદી બે કાંઠે વહે તેવી શક્યતા તેજ બની છે.

ભરૂચ જિલ્લા પ્રશાસને કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ રહેવા સૂચના જારી કરી છે. બપોરે ગોલ્ડનબ્રિજ ખાતે જળ સપાટી 13 ફૂટ નોંધાઇ હતી. ગોલ્ડનબ્રિજે નદીનું વોર્નિંગ લેવલ 22 ફૂટ અને ભયજનક સપાટી 24 ફૂટ રહેલી છે. શુક્રવારે સાંજે નર્મદા ડેમની સપાટી 131.92 મીટરે પહોચી હતી. ડેમ તેની સર્વોચ્ચ સપાટી 138.68 મીટરથી 6.76 મીટર જ દૂર છે. જળસંગ્રહ જળાશયમાં 80 ટકા જેટલો થઇ ગયો છે. ડેમ સત્તાધીશો સાથે ભરૂચ જિલ્લા વહીવટી તંત્ર સ્થિતિ પર નજર રાખી કાંઠાના ગામોને સાવચેત કરી દીધા છે. ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, હાંસોટ, વાગરા અને ભરૂચ તાલુકાના નર્મદા કાંઠે રહેતા ગ્રામજનો, માછીમારો અને લોકોને નદીમાં નહીં જવા સૂચન કરાયું છે.

વર્તમાન શૈક્ષણિક વર્ષમાં સુરત શહેર-જિલ્લામાં ૯ નવી સરકારી શાળાને મંજૂરી

બે જ વર્ષમાં ૨૩ નવી સરકારી શાળાઓને મંજૂરી આપવામાં આવી

ભવિષ્યમાં ઉડિયા માધ્યમ સહિતના વિકલ્પો પણ ઉપલબ્ધ બનશે

સુરતઃ ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે આજે જાહેર કરેલા મહત્વના ઠરાવ હેઠળ સમગ્ર રાજ્યમાં ૯૦ નવી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપી છે. આ માધ્યમિક અભિયાન હેઠળ સુરત શહેર અને જિલ્લામાં સૌથી વધુ ફાયદો થયો છે. અહીં કુલ ૯ નવી શાળાઓ શરૂ કરવામાં આવશે. જેમાં ૮ માધ્યમિક અને ૧ ઉચ્ચતર માધ્યમિક શાળા શામેલ છે.

વિશેષ વાત એ છે કે બે વર્ષના ટૂંકા ગાળામાં સુરત શહેર અને જિલ્લામાં સરકારી શાળાઓની સંખ્યા ૨૩ સુધી પહોંચી છે. આ વિકાસને શિક્ષણ ક્ષેત્રે થયેલા ઐતિહાસિક પગલાં તરીકે જોવામાં આવી રહ્યો છે.

શહેરના આ વિસ્તારોમાં શરૂ થશે નવી શાળાઓ

માધ્યમિક શાળા	(બિનઆદિજાતિ વિસ્તાર)
1	નાનીવેડ
2	મોટા વરાછા
3	સાવલિયા સર્કલ, યોગીચોક
4	ઓલપાડ-કુડસદ
5	કામરેજ-નવાગામ
માધ્યમિક શાળા	(આદિજાતિ વિસ્તાર)
6	માંડવી-વાંકલ
7	માંડવી-કડુથા
8	માંડવી-ગોદાવડી
ઉ. માધ્યમિક શાળા	(વિજ્ઞાન પ્રવાહ):
9	ઓલપાડ

ઉચ્ચ ધોરણવાળી બહુભાષી શિક્ષણ વ્યવસ્થા તરફ સરકારના આગેકદમ

ડી.ઇ.ઓ ભગીરથસિંહ પરમારના જણાવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં ભેસ્તાન અને કોસાડ આવાસ વિસ્તારમાં ઉડીયા ભાષા માધ્યમની શાળાઓ શરૂ કરવામાં આવી છે.

બે વર્ષમાં ૨૩ નવી શાળાઓ શરૂઃ ડી.ઈ.ઓ. ભગીરથસિંહ પરમાર

ભગીરથસિંહ પરમાર જણાવે છે કે સરકારી શિક્ષણમાં લોકોને નવો વિશ્વાસ ઉમેરવાનો આ પહેલો પગથિયું છે. વધતી વસ્તી સાથે શિક્ષણની સારી સુવિધાઓ સમયસર પહોંચે તે માટેનો આ પ્રયત્ન છે.

ખોલવડના ઓપેરા પેલેસમાં જુગાર રમતી 11 મહિલા પકડાઈ

પોલીસે બાતમીના આધારે રેડ કરી જુગાર રમતી મહિલાઓને મુદામાલ ઝડપી પાડી ગુનો નોંધી તપાસ હાથ ધરી

કામરેજ : ખોલવડ ઓપેરા પેલેસમાં F-204 નંબરના ફ્લેટમાં જુગાર રમતી 11 મહિલાને કામરેજ પોલીસે રૂપિયા 37330ના મુદામાલ સાથે ઝડપી પાડી હતી. પોલીસે પકડેલામાં જુગાર રમાડતી ફ્લેટની માલિક પિનલ, પુજાબેન હિરેન વસોયા (ઉ.વ.25, રહે.એલ 101, સ્વર્ગ રેસીડન્સી, ખોલવડ, મુળ રહે.રવસીયા, જામનગર), સ્વેતાબેન ચિરાગ પીપળીયા (ઉ.વ.30, રહે. ડી-404, શ્યામવાટીકા, ખોલવડ, મુળ જુનાગઢ), મોનિકાબેન ભરત વડાળીયા (ઉ.વ.25, રહે.એફ 11 ફ્લેટ નંબર 403, ઓપેરા પેલેસ, ખોલવડ, મુળ રહે. દુધાળા, તા.લાઠી, જિ.અમરેલી), વિલાસબેન ભરત બાબરીયા (ઉ.વ.40, રહે.એફ 11 ફ્લેટ નંબર 502, ઓપેરા પેલેસ, ખોલવડ, મુળ રહે.બોરડી, જિ.રાજકોટ), વર્ષાબેન ઉદય બેતલીયા (ઉ.વ.40, રહે.ઈ-7 ફ્લેટ નંબર 504, ઓપેરા પેલેસ, ખોલવડ, મુળ રહે. મતીરાળા, જિ.અમરેલી), દયાબેન ચેતન ગઢીયા (ઉ.વ.35, રહે.સી-7 ફ્લેટ નંબર 401, ઓપેરા પેલેસ, ખોલવડ, મુળ રહે.વાઘણીયા, જિ.અમરેલી), દક્ષાબેન પ્રફુલ માધપરા (ઉ.વ.40, રહે.એફ 12 ફ્લેટ નંબર 201, ઓપેરા પેલેસ, ખોલવડ,મુળ રહે.સણોસરા, જિ.જુનાગઢ), પુરણબેન વિજય ફિણાવા (ઉ.વ.40, રહે.ઈ 11 ફ્લેટ નંબર 501, ઓપેરા પેલેસ, ખોલવડ, મુળ રહે. લાલાવદર, જિ.અમરેલી), દિપ્તીબેન મનિષ જેતાણી (ઉ.વ.42, ઘર નંબર 401, લક્ઝરીયા સોસાયટી, ઉત્રાણ), માલતીબેન આકાશ ઢીંઢોચા (ઉ.વ.35, રહે.ડી-11 ફ્લેટ નંબર 502, ઓપેરા પેલેસ, ખોલવડ)નો સમાવેશ થતો હતો. પોલીસે મુદ્દામાલ જપ્ત કરીને વધુ તપાસ શરૂ કરી છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

'મરી જવું...

અને તેના પ્રેમી નરેશ રાઠોડ વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધવામાં આવ્યો છે. સુરત સિવિલ હોસ્પિટલમાં પિતા અને બંને પુત્રનું પોસ્ટમોર્ટમ હાથ ધરવામાં આવ્યુ હતું. ત્યારબાદ ત્રણેયના મૃતદેહને અંતિમ દર્શન માટે મૂકવામાં આવતા પરિવારજનોના હૈયાફાટ રૂદનથી સમગ્ર માહોલ ગમગીન થઈ ગયો હતો.

અલ્પેશકુમારના નાનાભાઈ જીગ્નેશકુમાર કાંતીલાલ સોલંકી (ઉમર 32, રહે. આશાપુરી, બમરોલી રોડ, સુરત)ની ફરિયાદ મુજબ, અલ્પેશ પત્ની તથા બાળકો સાથે અઠવાલાઇન્સ જિલ્લા પંચાયત સ્ટાફ ક્વાર્ટરમાં રહે છે. અલ્પેશભાઇ પાંડેસરા, પ્રમુખપાર્ક બ્રિજ પાસે "મેરી માતા ઇંગ્લીશ મીડીયમ સ્કુમાં પી.ટી. શિક્ષક તરીકે નોકરી કરે છે. ગત ૩૧/૦૭/૨૦૨૫ના રોજ સવારે 11 વાગ્યે અલ્પેશનો જીગ્નેશ પર ફોન આવતા તેમની સ્કૂલે ભૂલી ગયેલી બેગ લેવા ગયો હતો. બેગ સ્કૂલેથી લાવી પાંડેસરા તેના ઘરે સાચવી રાખી હતી. ત્યારબાદ અલ્પેશના સાદુભાઈનો ફોન આવતા માતા પિતા સાથે અમે અલ્પેશના અઠવાલાઇન્સના ઘરે પહોંચ્યા હતા. ઘરમાં બેડરૂમમાં અલ્પેશકુમાર પંખાના હુક સાથે દોરડા વડે ફાંસો ખાઇ લીધેલી હાલતમાં લટકતા હતા તથા ભાઈના બે દીકરા ક્રિશીવ (ઉ.વ.૭) તથા કર્નિશ (ઉ.વ.૨.૫) બેડ ઉપર મૃત હાલતમાં પડ્યા હતા.

અલ્પેશકુમારની બેગમાંથી બે ડાયરી અને આઠ પાનાની સ્યૂસાઈડ નોટ મળી, જેમાં તેમણે પોતાની પત્ની ફાલ્ગુનીબેન ગામીત અને તેમના કથિત પ્રેમી નરેશભાઈ રાઠોડના લગ્નેતર સંબંધોનો ઉલ્લેખ કર્યો છે. ડાયરીમાં જણાવ્યા મુજબ, અલ્પેશકુમારે ફાલ્ગુનીબેનને આ સંબંધો સમાપ્ત કરવા વારંવાર સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ફાલ્ગુનીબેને તેમની વાત અવગણી અને તોછડું વર્તન કર્યું. તેમણે અલ્પેશકુમારને 'મરી જવું હોય તો મરી જાઓ' જેવી વાતો કહી, જેના કારણે તેઓ માનસિક રીતે હતાશ થયા અને આ દુઃખદ પગલું ભર્યું. ઘટનાસ્થળેથી પોલીસને સ્યૂસાઇડની બોટલ, બે સ્ટીલના ગ્લાસ અને કિચનમાંથી 'Bitter (Powerful Protection from Rats)' નામની ઝેરી દવાની બોટલ મળી છે. ઉમરા પોલીસે ફાલ્ગુનીબેન ગામીત તથા નરેશભાઈ રાઠોડ વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. જીગ્નેશકુમારે પોલીસને અલ્પેશકુમારની ડાયરીઓ અને સ્યૂસાઇડ નોટ પુરાવા તરીકે સોંપી છે.

એક વખત...

ગયો. આ શંકા વધુ ગાઢ બની જ્યારે તેણે પોતાના નામે રહેલા ફાલ્ગુનીના નંબરનો CDR (Call Detail Record) કઢાવ્યો. CDRમાં નરેશ સાથેની અનેક વાતચીત બહાર આવી, જેના કારણે એક પછી એક તેના મનમાં ફાલ્ગુની પ્રત્યેનો અવિશ્વાસ વધતો ગયો હતો.

આડા સંબંધો...

પણ મને મારી લાઇફ જીવવા દો.' આ પ્રકારના ઉશ્કેરણીજનક શબ્દો અને વર્તનને કારણે અલ્પેશકુમાર માનસિક રીતે ભાંગી પડ્યા હતા. આ નિવેદનોએ તેમના જીવનનો અંત લાવવા માટે દુષ્પ્રેરણા પૂરી પાડી હતી. પોલીસે ગુનો નોંધી બંનેની ધરપકડ કરી લીધી છે.

'ફાગી,...

પણ ઉલ્લેખ કરે છે, 'નરેશ એકલો છે અને તારા માટે કશું કરી શકે તેમ નથી'. અંતે તે ભારે હૃદયે કહે છે, 'ફાગી, તું મારી સાથે આવું કેમ કરી રહી છે? હું આત્મહત્યા કરું છું, હવે તું નરેશ સાથે ખુશ રહેજે'. આ શબ્દો માત્ર એક પતિની હતાશા જ નહીં, પરંતુ એક પ્રેમીની અંતિમ ચીસ પણ છે, જે વિશ્વાસઘાતની આગમાં બળીને ખાખ થઈ ગયો.

બીજા લગ્નમાં..

ગોરધનભાઈ દિયોરા (ઉ.વ. ૩૨), જે સુરતના ગદપુર ટાઉનશિપમાં રહે છે અને હીરા ઘસવાની મજૂરી કરે છે, તેમણે લસકાણા પોલીસમાં બહેન વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. કૌશલભાઈના જણાવ્યા મુજબ, ગઈ કાલે રાત્રે સવા નવ વાગ્યે તેમના પિતા ગોરધનભાઈએ ફોન કરી જણાવ્યું કે નયનાબેને દવા પી લીધી છે અને તે મેલડી માતાના મંદિર પાસે છે. કૌશલભાઈ તાત્કાલિક ત્યાં પહોંચ્યા, પરંતુ તેમને ખબર પડી કે નયનાબેન પાસોદરા મામા દેવના મંદિર પાસે બેભાન હાલતમાં પડેલા છે. તેમના ભાણેજ હિયાન પણ ત્યાં રોડ પર બેઠેલો હતો. કૌશલભાઈ અને તેમના પિતા ગોરધનભાઈએ નયનાબેનને તાત્કાલિક ડાયમંડ હોસ્પિટલમાં ખસેડ્યા, જ્યાં પ્રાથમિક સારવાર શરૂ કરવામાં આવી. ડોક્ટરે જણાવ્યું કે નયનાબેને ઘઉંમાં નાખવાની ઝેરી દવા પી લીધી છે. ખર્ચની મર્યાદાને કારણે, નયનાબેનને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, જ્યાં આજે સવારે ૬:૪૫ વાગ્યે તેમનું મૃત્યુ નીપજ્યું. હિયાનને પી.પી. માણીયા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં તેની સારવાર ચાલુ છે.

નયનાબેનના પ્રથમ...

બીજા પતિ સ્વીકારવા તૈયાર ન હતા, જેના કારણે નયનાબેન માનસિક તણાવમાં હતા. આખરે, તેમણે આ દુખદ પગલું ભર્યું.

સ્કૂલબેગમાં છરી...

અરસામો શાળા છૂટી હતી, ત્યારે ધો ૯ અને ૧૧ના વિદ્યાર્થીઓ વચ્ચે કોઈ મામલે ઝપાઝપી થઈ હતી. બાદ ધોરણ-૭ના એક વિદ્યાર્થીએસ્કૂલ બેગમાંથી છરી કાઢી ધો.11ના 5 વિદ્યાર્થી પર છરીથી હુમલો કર્યો હતો. આ હુમલામાં વિદ્યાર્થીઓને હાથ, પીઠ, કાન પર ઘા લાગતાં ઈજા થઈ હતી. હુમલો કરનાર વિદ્યાર્થી ત્યાંથી ભાગી ગયો હતો. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓની ચીસો સાંભળી શિક્ષકો દોડી આવ્યા હતા. શિક્ષકો ત્રણ ઘાયલ વિદ્યાર્થીઓને તરત નમો હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા.

ઘાયલ વિદ્યાર્થીઓને હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપીને રજા આપવામાં આવી હતી.

આ મામલે પોલીસને જાણ થતાં પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. હુમલા પાછળ વિદ્યાર્થીઓ વચ્ચે અગાઉ થયેલી બોલાચાલી કારણ હોવાનું પ્રાથમિક તપાસમાં હાલ તો બહાર આવ્યું છે. આ મામલે છરીથી હુમલો કરનાર તથા તેનો સાથ આપનાર સહિત ત્રણ સગીર આરોપી સામે પોલીસ મથકે ગુનો નોંધાયો છે. આ મામલામાં ફરિયાદી અને આરોપી તમામ સગીર વયના હોવાથી નામ જાહેર કરાયાં નથી. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસે શિક્ષકો, આચાર્ય તથા અન્ય વિદ્યાર્થીઓનાં નિવેદનો લઈ આ બનાવમાં તપાસ હાથ ધરી છે.

સ્કૂલ બેગમાં...

સમયે જે રીતે વિદ્યાર્થીઓ પર એ જ સ્કૂલના વિદ્યાર્થીએ છરીથી હુમલો કરીને પાંચ વિદ્યાર્થીઓને ટાર્ગેટ કર્યા હતા. જો કે, તે પૈકી ત્રણ વિદ્યાર્થીઓને ઈજા થઈ હતી. જેની હોસ્પિટલમાં સારવાર કરવી પડી હતી. બધા જ વિદ્યાર્થીઓ હજી સગીર વયના હોવાથી વધુ ચિંતાજનક છે.

છેલ્લા કેટલાક...

શાળાના શૌચાલયમાં પાણીની અસુવિધા અંગે આંદોલન કર્યું હતું. કલેક્ટર કચેરીનો ઘેરાવ કર્યો હતો. હવે આ જ શાળામાં છરીથી હુમલાની ઘટના બની છે.

નર્મદ યુનિ.માં...

ઝીરો માર્ક્સ આપી નાપાસ કર્યો છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે તેઓએ પોતાની હાજરીના તમામ પુરાવા (ફોટો, સાક્ષી, સહીવાળી પત્રકો વગેરે) ઈન્ટરનલ ઈન્ક્વાયરી કમિટીને રજૂ કર્યા હતા. અધિકારીક તપાસ બાદ કમિટીએ પોતાનો રિપોર્ટ તૈયાર કરીને યુનિવર્સિટી પરીક્ષા વિભાગને સોંપી દીધો છે.

છાતીમાં દુખાવો...

રહેતો હતો. ઈલેશભાઈ કોલેજના ત્રીજા વર્ષમાં P.hdનો અભ્યાસ કરતો હતો. શુક્રવારે વહેલી સવારે ઈલેશભાઈને છાતીમાં દુઃખાવો થવા લાગ્યો હતો. જેથી તે તેની બાજુના રૂમમાં રહેતા હિતેશ રાજપુરોહિત નામના વિદ્યાર્થી મિત્રને જઈને કહ્યું કે, આખી રાત સૂતો નથી, બેક પેઇન તેમજ છાતીમાં દુઃખે છે, ચાલ હોસ્પિટલ જઈએ. જેથી હિતેશ ઈલેશભાઈને મોપેડ પર વેસુ વિસ્તારમાં ખાનગી હોસ્પિટલમાં લઈને ગયો હતો. પરંતુ ત્યાં ડોક્ટર નહીં મળતા તેઓ અન્ય ખાનગી હોસ્પિટલમાં જઈ રહ્યા હતા.

દરમિયાન ચાલુ મોપેડે જ ઈલેશભાઈ ઢળી પડ્યા હતા. જેથી રાહદારીઓ દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે ઈલેશભાઈને મૃત જાહેર કર્યો હતો. ઈલેશભાઈના પરિવારને ઘટનાની જાણ કરી તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ બાદ અમદાવાદ ખાતે તેમની વિધિ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું હતું.

15 વર્ષમાં...

માત્ર 300.26 ફૂટની સપાટી રહી હતી, જે આ જુલાઈ મહિનાના અંતે સૌથી નીચી સપાટી તરીકે નોંધાઈ છે. આ આંકડાઓ પરથી સ્પષ્ટ છે કે જુલાઈ માસના અંતે ઉકાઈ ડેમમાં પાણીનાં સ્તરમાં વર્ષ પ્રમાણે ભારે ફેરફાર જોવા મળ્યો છે. કેટલાક વર્ષોમાં પાણીની આવક ખૂબ ઓછી રહી છે, જેના કારણે સપાટી 310 ફૂટની નીચે રહી છે, જ્યારે અનુકૂળ વરસાદ વરસતા કેટલાક વર્ષોમાં 330 ફૂટની સપાટી પણ વટાવી છે. હાલમાં મોસમના મધ્યભાગમાં ઉકાઈ ડેમની 330 ફૂટની સપાટી રાજ્ય અને ખાસ કરીને દક્ષિણ ગુજરાત માટે રાહતકારક સમાચાર છે. જો આવતીકાલે પણ વાવાઝોડા કે ભારે વરસાદની સ્થિતિ રહે તો સપાટી વધુ વધવાની પણ સંભાવના છે. જેને કારણે ઉકાઈ ડેમના સત્તાધીશો સતત તેનું મોનિટરીંગ કરતા રહે છે અને જરૂરીયાત મુજબ પાણી પણ છોડતા હોય છે.

સુરતમાં પાંચ...

શહેરના જાણીતા બાળ મગજના નિષ્ણાત અને નવી સિવિલ હોસ્પિટલના પિડીયાટ્રીક ન્યુરોલોજીસ્ટ ડૉ.રિતેશ શાહના જણાવ્યા અનુસાર, માત્ર તેમની પાસેના કેસ પરથી જ હવે કહેવું શક્ય છે કે છેલ્લા એક વર્ષમાં 5 હજારથી વધુ બાળકોમાં સ્કીન ટાઈમ સંબંધિત મગજની સમસ્યાઓ જોવા મળી છે. જ્યારે સમગ્ર શહેરના આંકડા જોવામાં આવે તો તે સંખ્યા 10 હજારને પણ ઓળંગી ગઈ છે. આવી પરિસ્થિતિમાં માતા પિતા માટે જરૂરી છે કે તેઓ બાળકોના મોબાઈલના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખે, તેમને વધુને વધુ મૈત્રીપૂર્ણ વાતાવરણ આપે અને સહભાગી પ્રવૃત્તિઓમાં જોડે. સૌથી મહત્વની વાત એ છે કે સ્માર્ટફોન એ રમત નહીં પણ માર્ગદર્શનથી ભરપૂર સાધન છે, જેનો યોગ્ય રીતે ઉપયોગ કરવો જરૂરી છે.

શિક્ષકોને તાલીમ આપવાના પ્રયાસ શરૂ

આ સમસ્યા દૂર કરવા માટે ડો.શાહ જિલ્લા શિક્ષણ અધિકારીની સહાયથી પ્રાથમિક વિભાગના શિક્ષકો માટે વિશેષ જાગૃતતા કાર્યક્રમ યોજી રહ્યા છે, જેથી શિક્ષકો વાલીઓને યોગ્ય રીતે આ સમસ્યાની ગંભીરતા સમજાવી શકે. અત્યાર સુધી 300 જેટલા શિક્ષકોનું રજીસ્ટ્રેશન થયું છે.

સામાન્ય લક્ષણોઃ...

સ્કૂલમાં ચંચળતા વધે છે, તેમની પાસે ધીરજ હોતી નથી અને લાંબા ગાળે મગજ પર દુષ્પ્રભાવ થવાથી જીવનભર તેની અસરો રહી શકે છે.

અનુસંધાન ... પાના પહેલાનું

ટ્રમ્પે 70 દેશો...

માટે વોશિંગ્ટનની વાટાઘાટો નિષ્ફળ ગઈ હતી.'પારસ્પરિક ટેરિફ દરોમાં વધુ ફેરફાર' શીર્ષકવાળા આ આદેશમાં ટ્રમ્પે લગભગ 70 દેશો માટે ટેરિફ દરની જાહેરાત કરી હતી.જાહેર કરાયેલી યાદી અનુસાર ભારત પર 25 ટકા "રેસિપ્રોકલ-પારસ્પરિક ટેરિફ, એડજસ્ટેડ" લાદવામાં આવ્યો છે. જોકે આ વહીવટી આદેશમાં એ "દંડ"નો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી જે ટ્રમ્પે કહ્યું હતું કે ભારતે રશિયન લશ્કરી સાધનો અને ઊર્જાની ખરીદીને કારણે ચૂકવવો પડશે. બુધવારે ટ્રમ્પે ભારત પર 25 ટકા ટેરિફ અને રશિયા પાસેથી નવી દિલ્હીની ખરીદી માટે વધારાના દંડની જાહેરાત કરી હતી. જ્યારે 1 ઓગસ્ટ ટેરિફની સમયમર્યાદા હતી, ત્યારે નવા ટેરિફ હવે 7 ઓગસ્ટથી અમલમાં આવશે. એપ્રિલમાં, ટ્રમ્પે જાહેરાત કરી હતી કે ભારતને 26 ટકા "ડિસ્કાઉન્ટેડ રેસિપ્